

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 40,(SURAT), DATE-25/03/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૪૦, (સુરત), તા.૨૫/૦૩/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 બારડોલીમાં શૌર્ય સનાતન સભા : વરિષ્ઠ પત્રકાર પ્રખર સનાતની વક્તા પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠના પ્રવચનથી હિન્દુત્વ રાષ્ટ્રપ્રેમનો જવાર

3 હિન્દુ નામ ધારણ કરીને સગીરા પર દુષ્કર્મ કરનારા સહિત પાંચ પકડાયા

4 કામરેજ સુગરે ૧૩૨ દિનમાં ૪.૭૦ લાખ મે. ટન શેરડી પિલાણ કર્યું


## બારડોલી ખાતે સુરત જિલ્લા ભાજપની સંગઠનાત્મક બેઠકમાં કાર્યકરોને માર્ગદર્શન અપાયું

# ૨૯ માર્ચે મન કી બાત ટિફિન કે સાથ, ૫ એપ્રિલે સાહિત્ય સાથે ઘર ઘર સંપર્ક, ૬ એપ્રિલ, પક્ષના સ્થાપના દિવસ નિમિત્તે બાઈક રેલી યોજાશે

બારડોલી-આજ રોજ સુરત જિલ્લા ભાજપ મધ્યસ્થ કાર્યાલય બારડોલી ખાતે જિલ્લા પ્રભારી ગૌતમ ગેડીયાના અધ્યક્ષ સ્થાને જીલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડ તથા પ્રદેશ ભાજપ દ્વારા નિયુક્ત પ્રદેશ ચૂંટણી સમિતિના સભ્ય શિલ્પેશભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં સંગઠનાત્મક બેઠકનું આયોજન કરવામા આવ્યુ હતુ. આ બેઠકમા જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા અને પાર્ટીની કામગીરી વિશે માહિતી આપી હતી. ત્યાર બાદ પ્રદેશ ચૂંટણી સમિતિના સભ્ય શિલ્પેશભાઈ દેસાઈએ, બુથ સમિતિ તથા આગામી વિવિધ ચુંટણીલક્ષી સંગઠનાત્મક કાર્યક્રમો વિષે માર્ગદર્શન આપ્યું હતું.

ત્યાર જિલ્લા પ્રભારી ગૌતમ ગેડીયાએ આગામી દિવસોમાં આવનાર સ્થાનિક સ્વરાજયની ચુંટણીના અનુસંધાને વિશેષ માર્ગ દર્શન આપ્યું હતું. અને આગામી દિવસોમાં આવનારા પાર્ટીના કાર્યક્રમો અંગે માહિતી આપી હતી. જેમાં ૨૯ માર્ચે મન કી બાત ટિફિન કે સાથ યોજાશે. ૫ એપ્રિલે ભાજપા કાર્યકરો દ્વારા, સાહિત્ય સાથે ઘર ઘર સંપર્ક અને લાભાર્થી સંપર્ક કરવામાં આવશે. ૬ એપ્રિલ, પક્ષના સ્થાપના દિવસ નિમિત્તે, યુવા મોરચાના કાર્યકર્તાઓ બાઇક રેલી યોજી, પક્ષના સિનિયર / પૂર્વ આગેવાનોના ઘરે જઈને, તેઓના ઘર પર પર ભાજપા ધ્વજારોહણ કરીને, વંદન કરશે.આ બેઠકમાં જીલ્લા મહામંત્રી જગદીશભાઈ પારેખ, રોહિતભાઈ પટેલ, અંકુરભાઈ દેસાઈ, જીલ્લાના તમામ મંડળની સમગ્ર ટીમ, મંડળ પ્રમુખ-મહામંત્રી, જીલ્લા મોરચ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હ આ સમગ્ર બેઠકનું સંચાલન મહામંત્રી રોહિતભાઈ પટેલએ કહ્યું હતુ જયારે આભાર વિધિ મહામંત્રીં અંકુરભાઈ દેસાઈ એ કરી હતી.



**પ્રભારી ગૌતમ ગેડીયાએ આગામી દિવસોમાં આવનાર સ્થાનિક સ્વરાજયની ચુંટણીના અનુસંધાને વિશેષ માર્ગ દર્શન આપ્યું હતું.**

બારડોલી BABS શાળાના શિક્ષકો પગાર મુદ્દે ધરણા પરઃ

## સંચાલકોના વિવાદને કારણે ૩ મહિનાથી ૧૩૬ શિક્ષકોનો પગાર અટક્યો



બારડોલી- સુરત જિલ્લાના બારડોલીમાં આવેલી BABS શાળાના ૧૩૬ શિક્ષકો છેલ્લા ત્રણ મહિનાથી પગાર ન મળતા ધરણા પર ઉતર્યા છે. સંચાલકો વચ્ચેના આંતરિક વિવાદને કારણે શિક્ષકોનો પગાર અટવાયો છે, જેના વિરોધમાં આજે તેમણે શાળાના મુખ્ય ગેટ પાસે સૂત્રોચ્ચાર કર્યા હતા.

શિક્ષિકા પલ્લવી પાઠકે મીડિયાને જણાવ્યું કે, તેઓ લાંબા સમયથી પગાર વગર ફરજ બજાવી રહ્યા છે. તેમની મુખ્ય માંગ સમયસર પગાર ચૂકવવાની છે, સંચાલકોના આંતરિક વિવાદ સાથે તેમને કોઈ નિસ્બત નથી. શિક્ષકોએ આક્ષેપ કર્યો છે કે ઓક્ટોબર મહિનાથી તેમનો ડ઼ઞ઼ પણ જમા થયો નથી. જો માર્ચ મહિના સુધીમાં PFજમા નહીં થાય તો તેમને મોટું આર્થિક નુકસાન થશે.


૧૩૬ શિક્ષકો અને કર્મચારીઓની હડતાળને કારણે શાળાનું શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. આશરે ૩૦૦૦ વિદ્યાર્થીઓના અભ્યાસ પર તેની સીધી અસર પડી રહી છે. પરીક્ષાઓ નજીક હોવાથી વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પણ આ વિવાદની અસર થઈ રહી છે. શિક્ષકોએ બંને સંચાલક મંડળોને વારંવાર રજૂઆતો કરી હતી, પરંતુ કોઈ સંતોષકારક ઉકેલ આવ્યો નથી. બંને પક્ષો એકબીજા પર દોષારોપણ કરી રહ્યા છે. શિક્ષકોએ ચેતવણી આપી છે કે જો વહેલી તકે પગાર ચૂકવવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનશે.

## હિન્દુત્વ સનાતની પ્રખર વક્તા પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠજીએ કામરેજ ખાતે હરી ભરથાણા આત્મીય વિદ્યામંદિર AVM ની મુલાકાતે



ભરથાણા- વરિષ્ઠ પત્રકાર પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠે કામરેજ કોરી ભરથાણા ખાતે આત્મીય વિદ્યાધામ (AVM) ની મુલાકાત લીધી અને ઠાકોરજીના મંગલમય દર્શન કર્યા.

આ પ્રસંગે હરી પ્રબોધમ પરિવાર ના સંત શ્રી ગુરુપ્રસાદ સ્વામીજી તેમનું પુષ્પગુચ્છ થી સ્વાગત કર્યું હતું અને હરિભક્તો સત્સંગી ભાઈઓ અને વિદ્યામંદિરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડે શુભેચ્છા મુલાકાત કરી સંસ્થાના સનાતન કાર્ય ની માહિતી મેળવી અત્યંત આનંદ વ્યક્ત કર્યો.





## માંડવીમાં નવા પોલીસ સ્ટેશનનું લોકાર્પણ કરતા ગૃહમંત્રી

માંડવી- કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ સુદ્રઢ બનાવવાના અભિગમ સાથે માંડવી પોલીસ સ્ટેશન ખાતેથી કુલ રૂ. ૬૬ કરોડના ખર્ચે સુરત, વલસાડ, તાપી જિલ્લા તેમજ રેલ્વે પોલીસના વિવિધ પ્રકલ્પોનું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ અને ઇ-ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું.

મંત્રીએ માંડવી ખાતે રૂ. ૫.૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા, લિફ્ટ, કાઉન્સેલિંગ રૂમ અને કિડ્સ રૂમ જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ પોલીસ સ્ટેશનનું પ્રત્યક્ષ લોકાર્પણ કર્યું હતું.

આ સાથે જ અનાવલ, તડકેશ્વર, પાલોદ, સોનગઢ અને વલસાડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન સહિત વાપી રેલવે પોલીસ સ્ટેશન અને ડુંગરા પોલીસ લાઇનનું ઈ-લોકાર્પણ કરાયું હતું. ઉપરાંત, વ્યારા પોલીસ મુખ્ય મથકમાં નવી પોલીસ લાઈનના બાંધકામનું ખાતમૂહુર્ત પણ કરવામાં આવ્યું હતું.



**પોલીસ જવાનોના કલ્યાણ માટે LRD પરીક્ષામાં પાસ થયેલા જવાનો માટે ૨૦ હજાર નવા આવાસ બનાવવાની વિગતો પણ તેમણે આપી હતી.**

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થાની સુદ્રઢ સ્થિતિને કારણે ગુજરાત આજે દેશનું સૌથી સુરક્ષિત રાજય છે. તેમણે જાહેરાત કરી હતી કે પોલીસ પર પ્રજાનો વિશ્વાસ વધે અને સિનિયર સિટિઝનોને પોલીસ સ્ટેશનના ધક્કા ન ખાવા પડે તે માટે રાજય સરકાર 'હોમ સર્વિસ' જેવી પહેલ શરૂ કરવા જઈ રહી છે. પોલીસ જવાનોના કલ્યાણ માટે LRD પરીક્ષામાં પાસ થયેલા જવાનો માટે ૨૦ હજાર નવા આવાસ બનાવવાની વિગતો પણ તેમણે આપી હતી.

મંત્રીએ પોલીસ દ્વારા તૈયાર કરાયેલા ગ્રાઉન્ડ પર તાલીમ મેળવી શારીરિક કસોટી પાસ કરનાર ૧,૦૦૮ યુવાનોને પુસ્તકોનું વિતરણ કરી પ્રોત્સાહિત કર્યા હતા અને જણાવ્યું હતું કે યુવાનોએ પુસ્તકીયા જ્ઞાનની સાથે પોલીસ અધિકારીઓના અનુભવોમાંથી વ્યવહારુ જ્ઞાન પણ મેળવવું જોઈએ.

## જલારામ મંદિરમાં ચૈત્રી નવરાત્રીની આસ્થા, શ્રી યંત્રની સ્થાપના

બારડોલી -બારડોલીના જલારામ મંદિર ખાતે ચૈત્રી નવરાત્રીના પવિત્ર પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. આ નવરાત્રી દરમિયાન મંદિરમાં માતાજીના શક્તિશાળી પ્રતિક એવા 'શ્રી યંત્ર'ની વિશેષ સ્થાપના થઈ છે. મંદિરના મુખ્ય સેવક જીતુકાકાના જણાવ્યા અનુસાર, ચૈત્રી નવરાત્રીના દરમિયાન મંદિરમાં વિશેષ પૂજા-અર્ચનાનું આયોજન કરવામાં આવે છે. જેમાં શ્રી યંત્ર પૂજન સાક્ષાત લક્ષ્મીજી અને શક્તિનું સ્વરૂપ ગણાતા શ્રી યંત્રને સ્થાપિત કરી તેની શાસ્ત્રોક્ત વિધિ કરવામાં આવે છે.



વાતાવરણને પવિત્ર અને ઉર્જાવાન બનાવવા માટે સવાર સાંજ વિશેષ ધૂપ આરતી કરવામાં આવે છે, જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાઈ દર્શનનો લાભ લે છે. જલારામ બાપાના ભક્તો માટે આ દિવસોમાં ભક્તિની સાથે શક્તિની ઉપાસનાનો સંગમ જોવા મળે છે. જીતુકાકા અને મંદિરના સ્વયંસેવકો દ્વારા ભક્તોની સુવિધા માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

**વાતાવરણને પવિત્ર અને ઉર્જાવાન બનાવવા માટે સવાર સાંજ વિશેષ ધૂપ આરતી કરવામાં આવે છે, જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાઈ દર્શનનો લાભ લે છે.**


॥ શ્રી સદ્‌ગુરૂ કૃપા ॥

જીતેન્દ્રસિંહ પરમાર

Mo. 97274 10292
94268 10292

શ્રીબાલાજી ડાઈનીંગ હોલ

ગુજરાતી થાળી મળશે.

જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-

શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.

મેરીયોટવિલા ની સામે, ઘામળોદ રોડ, બારડોલી



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
GUJARAT AATMIYATA
www.gujarataatmiyata.in

ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808

ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....

શાસ્ત્રી રોડ, બારડોલી

Date- 25/03/2026 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# બારડોલીમાં શૌર્ય સનાતન સભા : વરિષ્ઠ પત્રકાર પ્રખર સનાતની વક્તા પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠના પ્રવચનથી હિન્દુત્વ રાષ્ટ્રપ્રેમનો જ્વાર

## શહીદ દિવસ નિમિત્તે સ્વરાજ આશ્રમ મેદાન ખાતે ભવ્ય સભા, મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા






























**બારડોલી-** સરદાર નગરી બારડોલીના સ્વરાજ આશ્રમ મેદાન ખાતે શૌર્ય સનાતન સભાનુંભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વરિષ્ઠ પત્રકાર અને સનાતનના પ્રખર વક્તા પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી રાજપુત કરણી સેના સુરત જિલ્લા અને સ્વાભિમાન ગ્રુપના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ સભામાં બારડોલી તેમજ આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને લઈ જનમેદનીમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ સભાનું આયોજન શહીદ દિવસ નિમિત્તે ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુની સ્મૃતિમાં કરવામાં આવ્યું હતું.

સભામાં પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠે પોતાના જ્વલંત અને હૃદયસ્પર્શી પ્રવચનમાં રાષ્ટ્રપ્રેમ અને સનાતન સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના પ્રગટ કરી હતી. તેમના પ્રવચનથી ઉપસ્થિત લોકોમાં નવી ઊર્જા અને પ્રેરણા જોવા મળી હતી.

કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદ. દેવ નારાયણ ગૌ ધામ ટ્રસ્ટ ના ટ્રસ્ટી તારાચંદ બાપુ તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા અને કાર્યક્રમને સફળ બનાવવા સહભાગી બન્યા હતા.

આ આયોજનમાં સ્વાભિમાન ગ્રુપ અને શ્રી રાજપુત કરણી સેનાના કાર્યકર્તાઓએ નિસ્વાર્થભાવથી મહેનત કરી હતી, જેને લઈ સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો.

આ પ્રસંગે વક્તાઓએ જણાવ્યું હતું કે આજનો દિવસ માત્ર યાદગાર નથી, પરંતુ રાષ્ટ્રપ્રેમ, સનાતન સંસ્કૃતિના સંરક્ષણ અને એકતાનો સંકલ્પ છે. વર્તમાન પરિસ્થિતિમાં હિન્દુ ને જાગૃત કરવા હિન્દુત્વરક્ષણ જાટ પાટ ભૂલીને આપણે પહેલા એક હિન્દુ છે હાલ મા હિન્દુઓની એકતા તોડવા માટે દેશ મા અનેક ષડયંત્ર નરેટીવ રચાય છે જેના વિશે સચોટ સત્ય ઉજાગર કરતી માહિતી આપી હતી દેશ હિન્દુઓ વાડાબંધીમાં વેચાયા વગર એક મંચ પર ભેગા થવા ખાસ આહવાન કરવામાં આવ્યુ અંતમાં સૌ હિન્દુત્વ કાર્ય કરતી સંસ્થા દેશવાસી અને હિંદુધર્મ રક્ષણ એકતા માટે સાથે રહી કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

Date- 25/03/2026 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......


તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### ભરતી કરાતા કર્મચારીઓની કાબેલિયત તપાસવામાં પણ હવે એઆઈનો ઉપયોગ

દેશમાં ટેક્નોલોજીના વપરાશ સાથે વિવિધ ક્ષેત્રની કંપનીઓ માટે સંબંધિત ટેક્નોલોજીના જાણકાર સ્કીલ્ડ લેબર તથા કર્મચારી મેળવવાનું જે અત્યારસુધી પડકારરૂપ બની રહ્યું હતું તે નવી ટેકનોલોજી આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના વિકાસને પરિણામે હવે સરળ બનતું નજરે પડી રહ્યું છે.

કંપનીઓ ખાસ કરીને મલ્ટી નેશનલ કંપનીઓ પોતાના કર્મચારીબળની ભરતી માટે તથા તેમની કામગીરી પર નજર રાખવા ખાસ હ્યુમન રિસોર્સ (એચઆર) વિભાગ ધરાવતી હોય છે. એઆઈના આગમન સાથે એચઆરના કામકાજમાં નોંધપાત્ર બદલાવ જોવા મળવાના સંજોગો ઊભા થયા છે. કોરોના બાદ વર્ક ફ્રોમ હોમ એટલે કે દૂરથી કામ કરવાની ઊભી થયેલી નવી પદ્ધતિએ કર્મચારીઓની ભરતી સંદર્ભમાં એચઆરની જવાબદારીમાં વધારો કરાવી દીધો છે. એઆઈને કારણે આવનારા વર્ષોમાં એચઆર પ્રક્રિયા સરળ બનવા સાથે કંપનીઓમાં નિર્ણય લેવાની કામગીરી પણ ઝડપી બનવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

ભરતી પ્રક્રિયાને ઓટોમેટ બનાવવામાં એઆઈ સંચાલિત ટૂલ્સ - સોલ્યુશનના ઉપયોગ કરવાનું કંપનીઓના એચઆર વિભાગ દ્વારા શરૂ થયું છે. ચેટબોટસ તથા વર્ચ્યુઅલ આસિસ્ટન્ટસ જેવા ટૂલ્સ ઉમેદવારની ચકાસણી કરવામાં મદદમાં લેવાઈ રહ્યા છે એટલું જ નહીં નોકરી ઈચ્છુકોના ઈન્ટરવ્યૂમાં પણ એઆઈની મદદ લેવામાં આવી રહી છે. એઆઈ સંચાલિત એલ્ગોરિધમને જે તે ઉમેદવારના બાયોડેટા ઉપરાંત તેમની સોશ્યલ મીડિયા પ્રોફાઈલનો અભ્યાસ કરવામાં કામે લગાડવામાં આવે છે. કંપની માટે સંબંધિત ઉમેદવાર કેટલો સફળ પૂરવાર થશે તેની પણ એઆઈ મારફત ધારણાં મેળવવામાં આવે છે.

ટેક્નોલોજી ક્ષેત્રના નિષ્ણાતોનું માનીએ તો, એઆઈ, કંપનીના વિવિધ વિભાગમાં રહેલા ચિંતાના વિષયો અને તેમાં કેવી રીતે સુધારો કરી શકાય તેની પણ ભલામણ કરવા સક્ષમ છે. બીજી બાજુ ભરતી થતાં કર્મચારીઓને એઆઈ સંબંધિત કંપનીની નીતિઓ તથા પ્રક્રિયાઓની જાણકારી પૂરી પાડી તેમનામાં રહેલી નબળાઈઓ કઈ રીતે દૂર કરી શકાય તેમાં મદદ કરવામાં પણ ઉપયોગમાં લેવામાં આવી રહી છે.

એચઆર સંબંધિત કામગીરીમાં એઆઈનો ઉપયોગ એ કોઈ ભાવિ શક્યતા નહીં પરંતુ તે હવે એક હકીકત બની રહી છે. હાલની ટેક્નોલોજીના કાળમાં કંપનીઓ માટે જ્યારે યોગ્ય તાલીમબદ્ધ અથવા સ્કીલ્ડ કર્મચારીઓ મેળવવાનું મુશ્કેલ બની રહ્યું છે ત્યારે એઆઈના ઉપયોગ થકી કંપનીના એચઆર વિભાગ યોગ્ય તાલીમ સાથેના વર્કફોર્સ શોધી આપવા સજ્જ બની રહ્યા છે. માત્ર કર્મચારીબળની શોધ જ નહીં પરંતુ કર્મચારીઓને લગતા કાયદાકીય પાસાંઓને હાથ ધરવા તથા તેના ફરજપાલનના બોજને હળવા કરવામાં એઆઈ ટુલ્સ મદદરૂપ થઈ રહ્યા હોવાનો નિષ્ણાતો દાવો કરી રહ્યા છે.

પ્રાપ્ત અહેવાલ પ્રમાણે એચઆર માર્કેટમાં એઆઈ ટેક્નોલોજીનું કદ ૨૦૨૪માં ૧૧.૬૩ અબજ ડોલર પરથી વધી ૨૦૩૦ સુધીમાં ૨૬.૨૬ અબજ ડોલર પહોંચવાની ધારણાં મૂકવામાં આવી રહી છે. અનેક આધુનિકતાઓ છતાં મોટી સંખ્યાની કંપનીઓ આજે પણ કર્મચારીઓની ભરતી માટે જુની પદ્ધતિઓ પર નિર્ભર રહ્યા કરે છે, પરંતુ એચઆરની ભાવિ કાર્યપદ્ધતિ તદ્દન જ અલગ જ જોવા મળવાના સંકેત મળી રહ્યા છે. વિશ્વની સરખામણીએ ભારત ઝડપથી વિકસી રહેલુ અર્થતંત્ર છે અને વૈશ્વિક કંપનીઓની ભારતમાં હાજરી વધી રહી છે ત્યારે સ્પર્ધા સામે ટકી રહેવા કંપનીઓએ એઆઈ ટેક્નોલોજીના ઝડપથી સ્વીકાર કરવાનો રહેશે. એઆઈના ઉપયોગ સાથે કંપનીઓ કર્મચારીઓના બાયોડેટાને ઝડપથી એનલાઈઝ કરવામાં અને આવશ્યક કર્મચારીબળને પસંદ કરવામાં સાનુકૂળતા અનુભવી રહી છે. તાજેતરમાં આવેલા એક રિપોર્ટ પ્રમાણે, કેટલીક ચોક્કસ પ્રકારની ભરતીઓ પૂરી પાડવા ૬૭ ટકા એચઆર કંપનીઓએ એઆઈનો ઉપયોગ કર્યો હતો. અર્થતંત્રના વિકાસ સાથે તાલીમબદ્ધ કર્મચારીબળની આવશ્યકતા પણ વધી રહી છે. રોજગારને લાયક કુશળતા સાથેના કર્મચારીબળનો અભાવ ઉદ્યોગો દ્વારા સામનો કરાતા મુખ્ય પડકારોમાંનો એક છે. આપણી શિક્ષણ પદ્ધતિના જડ ઢાંચાને પરિણામે રોજગાર માટે બહાર પડતા યુવા શિક્ષિતો રોજગારને લાયક એવી સ્કીલ સાથે સુસજ્જ નથી હોતા જેને પરિણામે તેમને રોજગાર લાયક બનાવવા તાલીમ કાર્યક્રમ પાછળ જંગી ખર્ચ કરવાની કંપનીઓને આવશ્યકતા રહે છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
• ૫-સિટર • ૭-સિટર •




સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

## ૧૪ વર્ષની દુષ્કર્મ પીડિતાને ૨૬ સપ્તાહનો ગર્ભપાત કરાવવાની મંજૂરીઃ ગુજરાત હાઈકોર્ટનો માનવીય અભિગમ

ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ અને માનવીય અભિગમ અપનાવતા ૧૪ વર્ષની દુષ્કર્મ પીડિતાને ૨૬ સપ્તાહના ગર્ભના ગર્ભપાત માટે મંજૂરી આપી છે. મેડિકલ રિપોર્ટ અને નિષ્ણાત તબીબોના અભિપ્રાયને ધ્યાને રાખીને કોર્ટે પીડિતાના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યના હિતમાં આ આદેશ આપ્યો છે.



મળતી માહિતી અનુસાર, હાઈકોર્ટે સુરેન્દ્રનગરની સી.યુ. શાહ મેડિકલ કોલેજના ત્રણ વરિષ્ઠ ગાયનેકોલોજિસ્ટ અને મનોચિકિત્સકની ટીમ પાસે પીડિતાની તપાસ કરાવી હતી. આ રિપોર્ટના આધારે કોર્ટે સુરેન્દ્રનગરની સિવિલ

રહેશે તેની ખાતરી કરવા પણ જણાવાયું છે. અદાલતે બાળકના કલ્યાણ પર વિશેષ ભાર મૂક્તા સ્પષ્ટ કર્યું છે કે, જો પીડિત પક્ષ બાળકની જવાબદારી લેવા તૈયાર ન હોય, તો રાજ્ય સરકાર અને તેની એજન્સીઓએ કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને

પણ સમાવેશ થાય છે.

આ સમગ્ર મામલાની વિગત મુજબ, ૧૩મી માર્ચ ૨૦૨૬ના રોજ સુરેન્દ્રનગરના મૂળી પોલીસ સ્ટેશનમાં આ અંગે ગુનો નોંધાયો હતો. આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૬૧(૨) (શ), ૬૪(૧) અને પોક્સો એક્ટની

## ઈન્ડિયન એરફોર્સમાં પાકિસ્તાની જાસૂસ? ગુપ્ત જાણકારી લીક કરતો હોવાના આરોપ હેઠળ ધરપકડ

રાજસ્થાન પોલીસે રવિવારે એક મોટા ઓપરેશનમાં આસામના ચાબુઆ એરફોર્સ સ્ટેશનથી એક સિવિલિયન કર્મચારીની પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર ધરપકડ કરી છે. આરોપીનું નામ સુમિત કુમાર (૩૬) છે. આરોપી કથિત રીતે ઈન્ડિયન એરફોર્સ સંબંધિત સંવેદનશીલ માહિતી પાકિસ્તાની હેન્ડલરોને પહોંચાડતો હતો. તેની ધરપકડથી દેશમાં ચાલી રહેલા એક મોટા જાસૂસી નેટવર્કનો પર્દાફાશ થયો છે.

એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (ઈન્ટેલિજન્સ) પ્રફુલ્લ કુમારે જણાવ્યું કે, જાન્યુઆરી ૨૦૨૬માં જેસલમેરના રહેવાસી ઝાબરા રામની ધરપકડ સાથે આ સમગ્ર જાસૂસી કેસનો ખુલાસો થયો હતો. તેની પૂછપરછ અને તપાસ દરમિયાન અન્ય એક શંકાસ્પદ વ્યક્તિ સુમિત કુમારનું નામ સામે આવ્યું હતું, જે પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓ સાથે સતત સંપર્કમાં હતો.

તપાસમાં જાણવા મળ્યું છે કે, આરોપી સુમિત કુમાર મૂળ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના લાહુરપારનો રહેવાસી છે અને બેની માધવનો દીકરો છે. તે હાલમાં આસામના ડિબ્રુગઢમાં ચાબુઆ એરફોર્સ સ્ટેશનમાં મલ્ટી-ટાસ્કિંગ સ્ટાફ ના પદ પર કાર્યરત હતો. તેણે પોતાના પદનો દુરુપયોગ કરીને એરફોર્સ



સ્ટેશન સંબંધિત ગુપ્ત માહિતી એકત્રિત કરી અને તેને સોશિયલ મીડિયા દ્વારા પાકિસ્તાની હેન્ડલર્સ સુધી પહોંચાડી. રાજસ્થાન ઈન્ટેલિજન્સ ટીમે નવી દિલ્હીની એરફોર્સ ઈન્ટેલિજન્સ સાથે મળીને એક જોઈન્ટ ઓપરેશનમાં આરોપીને ચાબુઆથી અટકાયતમાં લીધો અને તેને જયપુરના સેન્ટ્રલ ઈન્ટરોગેશન સેન્ટરમાં લાવવામાં આવ્યો. વિવિધ ગુપ્તચર એજન્સીઓની સંયુક્ત પૂછપરછમાં જાણવા મળ્યું કે, આરોપી ૨૦૨૩ થી પાકિસ્તાની ઈન્ટેલિજન્સ એજન્સીઓ સાથે સંપર્કમાં હતો અને પૈસાના બદલામાં સંવેદનશીલ માહિતી શેર કરી રહ્યો હતો.

આરોપીની પૂછપરછમાં એ પણ જાણવા મળ્યું કે, તેણે ચાબુઆ એરફોર્સ સ્ટેશનની સાથે-સાથે બિકાનેર જિલ્લાના નાલ એરફોર્સ સ્ટેશન સહિત અન્ય લશ્કરી ઠેકાણાઓ સંબંધિત મહત્વપૂર્ણ માહિતી પણ શેર કરી હતી. આમાં ફાઈટર જેટ અને મિસાઈલ સિસ્ટમોની લોકેશન તેમજ અધિકારીઓ અને કર્મચારીઓને લગતી ગુપ્ત માહિતી સામેલ છે.

આ ઉપરાંત આરોપીએ પોતાના નામ પર જારી કરાયેલા મોબાઇલ નંબરોનો ઉપયોગ કરીને પાકિસ્તાની હેન્ડલરો માટે સોશિયલ મીડિયા એકાઉન્ટ બનાવવામાં પણ મદદ કરી હતી. આરોપીની રવિવારે ૨૨ માર્ચના રોજ રાજસ્થાનના જયપુરના સ્પેશિયલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. આ કેસ 'ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટ, ૧૯૨૩ અને ઇગજ એક્ટ, ૨૦૨૩'ની વિવિધ કલમો હેઠળ નોંધવામાં આવ્યો હતો. આ કાર્યવાહીથી દેશમાં એક્ટિવ એક મોટા પાકિસ્તાન સમર્થિત જાસૂસી નેટવર્કનો પર્દાફાશ થયો છે અને આગળની તપાસ ચાલી રહી છે.

## સચિન-નવસારી હાઈવે પર ટ્રાફિકમાંથી મુક્તિ:સતવલ્લા બ્રિજ ખુલ્લો મુકાયો, સી. આર. પાટીલ હસ્તે રૂ.૧૨૫ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

સુરત- આધુનિક અને સ્માર્ટ સિટી તરીકે વિશ્વભરમાં નામના મેળવનાર સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના દક્ષિણ છેડે આવેલા સચિન અને આસપાસના વિસ્તારોના કાયાપલટ માટે આજે ૨૨ માર્ચે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલના વરદ હસ્તે અંદાજે ૧૨૫ કરોડથી વધુના ખર્ચે વિવિધ જનહિતલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાટીલે સુરતની ભાવિ આયોજનો વિશે અનેક મહત્વની જાહેરાતો કરી હતી.



સુરતથી સચિન થઈ નવસારીને જોડતા અત્યંત વ્યસ્ત સ્ટેટ હાઈવે પર વાહનચાલકોને વર્ષોથી ટ્રાફિકની સમસ્યા નડતી હતી. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે રેલવે ઓવરબ્રિજનું ૩૫.૩૯ કરોડના ખર્ચે વાઈડનિંગ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટનુ આજે સી. આર. પાટીલ દ્વારા લોકાર્પણ કરાતા હવે સુરત-નવસારી વચ્ચેની કનેક્ટિવિટી ઝડપી બનશે અને ઈંધણ તેમજ સમયની બચત થશે.

વધુમાં, ઉધના ત્રણ રસ્તા જંક્શન અને સર્વોત્તમ હોટેલ જંક્શન જેવા ટ્રાફિકથી ધમધમતા વિસ્તારોમાં નવા ફ્લાયઓવર બનાવવાનું ખાતમુર્હુત કરવામાં આવ્યું છે. આ ફ્લાયઓવર સચિન ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં જતા માલવાહક વાહનો અને મુસાફરો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

સી. આર. પાટીલ દ્વારા ૯૯.૧૨ કરોડના ખર્ચે તૈયાર થયેલા વિવિધ પ્રકલ્પો જનતા માટે ખુલ્લા મુકાયા અને ૮૦.૧૭ કરોડના ખર્ચે આગામી સમયમાં થનારા નવા વિકાસ કાર્યોનું ભૂમિપૂજન કરાયું છે. પાલી વિસ્તારમાં તળાવ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અને કનકપુર હાઉસિંગ બોર્ડ સીઓપી નં. ૪ પાસે ડ્રાફ્ટ ટીપી સ્કીમ ૩૪માં આધુનિક સુવિધાઓથી સજ્જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ આરોગ્ય કેન્દ્રથી સ્થાનિક શ્રમિક પરિવારોને ઘરઆંગણે ગુણવત્તાયુક્ત તબીબી સારવાર મળી રહેશે.

સચિન ઝોનમાં શિક્ષણના સ્તરને ઊંચું લાવવા માટે કનસાડ વોર્ડ ઓફિસ પાસે શાળા નં. ૨૯૪ અને ૩૭૨ માટે નવા આધુનિક શાળા ભવનોનું નિર્માણ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ શાળાઓમાં બાળકોને ડિજિટલ શિક્ષણની સુવિધા પણ મળશે.

## હિન્દુ નામ ધારણ કરીને સગીરા પર દુષ્કર્મ કરનારા સહિત પાંચ પકડાયા



સુરત-ઇચ્છાપોર વિસ્તારમાં રહેતી ધોરણ ૧૨ની વિદ્યાર્થિનીને હિન્દુ નામ ધારણ કરીને સોશિયલ મીડિયા મારફતે પ્રેમમાં ફસાવીને બળાત્કાર ગુજારનાર મુસ્લિમ યુવક અને તેને મદદ કરનાર તેના ભાઇ સહિત ચાર આરોપીઓને ઇચ્છાપોર પોલીસે પકડી પાડ્યા છે.

ઇચ્છાપોર ક્રિષ્નાનગર સોસાયટીમાં રહેતા મો.સાજીદ ઉર્ફે અહલ મો. જાવિદ પઠાણે હિન્દુ નામ ધારણ કરીને ઇચ્છાપોર વિસ્તારમાં રહેતી ધોરણ ૧૨ની ૧૬ વર્ષની વિદ્યાર્થિનીને સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રેમમાં ફસાવી હતી. બાદમાં તેણીના વાંધા જનક ફોટો મેળવી લીધા હતા. અને અવારનવાર હોટલ કે અન્ય સ્થળે લઇ જઇને બળાત્કાર ગુજાર્યો હતો. આ અંગે તેના પરિવારને જાણ થતા ઇચ્છાપોર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ ફરિયાદ થઇ હોવાની જાણ થતા મો.સાજીદે બિહાર ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો પણ તે નાસી છૂટે તે પહેલા પીઆઇ.એ.સી.ગોહિલે પોલીસે તેને પકડી પાડ્યો હતો.પોલીસે તેને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ મેળવ્યા હતા. જયારે મો. સાજીદને મદદ કરનાર તેના ભાઇ મોહમ્મદ તાબીશ મોહમ્મદ જાવેદ પઠાણ, જામીરાજા શમશુલ શેખ,મોહમ્મદ ખુરશીદ ઉર્ફે શુશીલ મોહમ્મદ રસીદ રાયન (તમામ રહે, ક્રિષ્નાનગર સોસાયટી, મહાદેવ મંદિરની બાજુમાં, ઇચ્છાપોર) અનેઅભયકુમાર પ્રદિપ શર્મા (હાલ રહેઠાણ - ઇચ્છાપોર બસ સ્ટોપ પાસે, મીલન ડેરીની ઉપર ઇચ્છાપોર)ને ઝડપી પાડ્યા છે.

## વડોદરામાં પેટ્રોલ પંપો પર પોલીસનો પહેરો, અફવાઓથી ન ગભરાવા લાઉડ સ્પીકર દ્વારા કરાઈ અપીલ

વડોદરા શહેરમાં છેલ્લા ૨૪ કલાકથી પેટ્રોલ-ડીઝલની અછત સર્જાશે તેવી અફવાઓએ જોર પકડ્યું છે. આ અફવાઓને કારણે વડોદરાના લગભગ તમામ પેટ્રોલ પંપો પર વાહનચાલકોની લાંબી કતારો જોવા મળી રહી છે. સ્થિતિ વધુ ન વકરે અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વડોદરા પોલીસ હવે એક્શન મોડમાં આવી છે.

મળતી માહિતી અનુસાર, મંગળવારે (૨૪ મી માર્ચ) સવારથી જ વડોદરા શહેરના મુખ્ય પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી કતારો લાગી હતી. ભીડને નિયંત્રિત કરવા માટે વિવિધ વિસ્તારોમાં પોલીસ કાફલો ગોઠવી દેવામાં આવ્યો છે. પોલીસ દ્વારા પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ અને લાઉડ સ્પીકરનો ઉપયોગ કરીને લોકોને વિનંતી કરવામાં આવી રહી છે કે, 'શહેરમાં



ઈંધણ નો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે, કૃપા કરીને અફવાઓથી પેનિક ન થાઓ અને જરૂરિયાત મુજબ જ પેટ્રોલ પુરાવો.'

અચાનક પેટ્રોલ પંપો પર ધસારો વધતા શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાઈ રહી છે. લોકોમાં એવો ડર પેઠો છે કે જો અત્યારે પેટ્રોલ નહીં ભરાવીએ તો આગામી દિવસોમાં વાહન વ્યવહાર ઠપ થઈ જશે. જોકે, વહીવટી તંત્ર અને ઓઈલ કંપનીઓએ સ્પષ્ટતા કરી છે કે સપ્લાય ચેઈન ચાલુ છે અને ગભરાવાની કોઈ જરૂર નથી.

## બંગાળની ચૂંટણીમાં ઓવૈસીની એન્ટ્રી, હુમાયુ કબીરની પાર્ટી સાથે હાથ મિલાવ્યાં, મમતાનું ટેન્શન વધ્યું

: પશ્ચિમ બંગાળના રાજકારણમાં એક નવું સમીકરણ આકાર લઈ રહ્યું છે, જે આગામી વિધાનસભા ચૂંટણીમાં સત્તાધારી પક્ષ અને વિપક્ષ બંનેની ગણતરીઓ બગાડી શકે છે. AIMIM પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ જાહેરાત કરી છે કે તેમની પાર્ટી હુમાયુ કબીરની 'આમ જનતા ઉન્નયન પાર્ટી' સાથે ગઠબંધન કરીને ચૂંટણી મેદાનમાં ઉતરશે. આ વ્યૂહનીતિના ભાગરૂપે ઓવૈસી ૨૫ માર્ચે કોલકાતામાં હુમાયુ કબીર સાથે એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજશે, જેમાં ગઠબંધનની રૂપરેખા જાહેર કરવામાં આવશે.

હુમાયુ કબીરની પાર્ટીએ અગાઉથી જ રાજ્યની ૧૮૨ બેઠકો પર ઉમેદવારો ઉતારવાની જાહેરાત કરી દીધી છે, જેમાં હવે AIMIM પણ ભાગીદાર બનશે. માનવામાં આવે છે કે AIMIMલગભગ




૮ બેઠકો પર પોતાના ઉમેદવારો ઊભા રાખશે. કબીરે અત્યાર સુધીમાં ૧૮ ઉમેદવારોની પ્રથમ યાદી પણ જાહેર કરી દીધી છે, જેમાં રાનીનગર, ભગવાનગોલા અને મુર્શિદાબાદ જેવી બેઠકોનો સમાવેશ થાય છે. નોંધપાત્ર છે કે હુમાયુ કબીર પોતે મુર્શિદાબાદ જિલ્લાની ત્રણ બેઠકો - ભગવાનગોલા, નૌદા અને રાજીનગર પરથી ચૂંટણી લડવાના છે.

પશ્ચિમ બંગાળ ચૂંટણી ૨૦૨૬નું ટાઈમટેબલ

રાજ્યમાં આ વખતે ચૂંટણી બે તબક્કામાં યોજાવા જઈ રહી છે: પ્રથમ તબક્કો: ૨૩ એપ્રિલ, ૨૦૨૬ (૧૫૨ બેઠકો માટે)

બીજો તબક્કો: ૨૯ એપ્રિલ, ૨૦૨૬ (૧૪૨ બેઠકો માટે)

પરિણામ: ૪ મે, ૨૦૨૬ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે. પશ્ચિમ બંગાળમાં મુખ્ય મુકાબલો મમતા બેનર્જીની TMCઅને ભાજપ વચ્ચે હોવાનું મનાય છે, પરંતુ ઓવૈસી અને કબીરનું આ નવું જોડાણ મુસ્લિમ બહુમતી ધરાવતી બેઠકો પર મતોનું વિભાજન કરી શકે છે. વર્ષ ૨૦૨૧ની ચૂંટણીમાં કોંગ્રેસ અને ડાબેરી પક્ષોનો સફાયો થઈ ગયો હતો, ત્યારે આ નવો મોરચો રાજ્યના રાજકારણમાં 'ત્રીજા કોણ' તરીકે ઊભરીને કિંગમેકર બનવાની મહત્ત્વની કોશિશ કરી રહ્યો છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## નિ:સહાય બનેલ મહિલા અને તેમના ૩ વર્ષ ના બાળકને સુરક્ષિત આશ્રય અપાવતી

## ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમ બારડોલી ની સરાહનીય કામગીરી




**બારડોલી-** નિ:સહાય બનેલ મહિલા અને તેમના ૩ વર્ષ ના બાળકને સુરક્ષિત આશ્રય અપાવતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમ બારડોલી ની સરાહનીય કામગીરી. એક જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનમાં ફોન કરી જણાવેલ કે એક અજાણી મહિલા મળી આવેલ છે અને તેમની સાથે એક નાનું બાળક પણ છે.તેથી મહિલા નું કાઉન્સેલિંગ કરવા માટે ૧૮૧ ટીમ ની મદદની જરૂર છે.

ફોન આવતાની સાથે જ ૧૮૧ અભયમ ટીમના કાઉન્સેલર તૃપ્તિ પટેલ, મહિલા પોલીસ કોન્સ્ટેબલ શીલાબેન ચૌધરી અને પાયલોટ નિકુંજભાઈ ઘટનાસ્થળ પર પહોચ્યા.ત્યારબાદ તપાસ કરતાં મહિલા તેમના ૩ વર્ષ ના બાળક સાથે મંદિર માં બેઠા હતાં.મહિલાએ કાઉન્સેલિંગ દરમ્યાન અભયમ ટીમ ને જણાવેલ કે મારું મૂળ વતન કોલકાતા છે પરંતુ મે ગુજરાત માં લગ્ન કર્યો છે.મારા લગ્ન ના ૫ વર્ષ થયા છે અને મારું ૩ વર્ષ નું એક બાળક પણ છે. પીડિતા મહિલા તેમના પતિ સાથે એક ભાડા ના મકાન માં સુરત ખાતે રહેતા હતાં. પરંતુ ૨ મહિના પહેલા તેમના પતિ એ તેમની મરજી વિરુદ્ધ ધાર્મિક સ્થળે યાત્રા કરવા માટે લઈ ગયા હતા અને યાત્રા કરીને પરત આવતા હતા ત્યારે નેશનલ હાઇવે પર એક મંદિર માં ચાર દિવસ થી રહેતા હોય અને ગઈ કાલ ના રોજ મહિલા ને તેમના પતિ કંઈક કામ છે એવું જણાવી મહિલા અને તેમના બાળક એકલા મૂકીને જતાં રહ્યા હતા .તેમજ પીડિતા મહિલા અહીંયા કોઈ ઓળખતા ના હોય તેથી ૧૮૧ ટીમ દ્વારા મંદિરના સંચાલક ને પણ પૂછપરછ કરેલ પરંતુ તેમને પણ આ બાબત વિશે ખ્યાલ નહોતો તેથી હાલ પીડિતા મહિલા અને તેમના બાળક ની સુરક્ષા અને સલામતીને ધ્યાન માં રાખી ને ૧૮૧ અભયમ ટીમ દ્વારા મહિલા અને તેમના બાળક ઘટનાસ્થળે થી રેસ્ક્યુ કરી સખી વન સ્ટોપ સેન્ટર સુરત ખાતે સુરક્ષિત આશ્રય આપવેલ.

## પાલિકા રૂ. ૧૦૦૦ કરોડના બોન્ડ બહાર પાડશે સરકાર સાથે બેઠક બાદ પ્રોજેક્ટો નક્કી કરાશે



સુરત- શહેરના વિકાસ-ઇન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચને પહોંચી વળવા પાલિકા રૂ.૧૦૦૦ કરોડના બોન્ડ જારી કરશે. રાજ્ય સરકારે માત્ર ગ્રાન્ટ પર નિર્ભર રહેવાને બદલે આત્મનિર્ભર બનવાની સૂચના આપી છે. આગામી અઠવાડિયામાં રાજ્યના પ્રિન્સિપલ સેક્રેટરી સાથે બેઠક યોજાશે, જેમાં બોન્ડ અંગે ચર્ચા કરી આગળની રૂપરેખા નક્કી કરાશે. પાલિકા દર વર્ષે ૩૫૦૦ કરોડના વિકાસ કામો કરે છે, જેમાંથી મોટા ભાગના પ્રોજેક્ટ ગ્રાન્ટ આધારિત છે.

સરકાર દર વર્ષે રૂ.૩૦૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવે છે. મ્યુનિસિપલ બોન્ડ એટલે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ દ્વારા જારી કરતા ઋણપત્રો, જેના માધ્યમથી રોકાણકારો પાસેથી નાણાં એકત્રિત કરી રોડ, ફ્લાયઓવર, પાણી પુરવઠો, ડ્રેનેજ અને ગટર વ્યવસ્થા જેવા પ્રોજેક્ટોમાં ખર્ચવામાં આવે છે. કયા પ્રોજેક્ટો માટે બોન્ડ બહાર પાડવા તે અંગે હાલ આંતરિક સ્તરે તૈયારી ચાલી રહી છે. આ પહેલાં ક્રેડિટ રેટિંગ, વ્યાજદર નક્કી કરવો તેમજ વિવિધ નિયમનકારી પ્રક્રિયા પૂર્ણ કરવી જરૂરી રહેશે.

**બોન્ડ માટે આગળની પ્રક્રિયા-**કયા પ્રોજેક્ટ માટે બોન્ડ બહાર પાડવા તે નક્કી થશે, ક્રેડિટ રેટિંગ મેળવવાની પ્રક્રિયા. વ્યાજદર અને રોકાણકારોની શરતો નક્કી થશે, આગામી અઠવાડિયામાં પ્રિન્સિપલ સેક્રેટરી સાથે બેઠક

ANILDARBAR
Mo: 97242 60058

DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...



મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

## કામરેજ સુગર ફેક્ટરીમાં ઇથેનોલ ટેન્કર આગનું મોકડ્રીલ યોજાયું

### સ્થાનિક ક્રાઈસીસ ગ્રુપ અને અધિકારીઓએ સંભાળી સ્થિતિ



કામરેજ-કામરેજ પલસાણા લોકલ ક્રાઈસીસ ગ્રુપ દ્વારા નવી પારડી સ્થિત કામરેજ સુગર ફેક્ટરી ખાતે ઇથેનોલ ટેન્કરમાં આગ લાગવાની સંભવિત ઘટનાનું મોકડ્રીલ યોજાઇ હતી. આ મોકડ્રીલનો મુખ્ય હેતુ મેજર એક્સિડેન્ટ હેઝાર્ડ શ્રેણી હેઠળ આવતા જોખમી કેમિકલવાળા કારખાનાઓમાં આકસ્મિક ઘટનાઓ સમયે તત્કાળ મદદ પૂરી પાડવાનો હતો. આ પ્રસંગે કામરેજના નાયબ કલેક્ટર વી.કે. પીપળીયા, મામલતદાર રશ્મિન ઠાકોર, જીપીસીબીના એમ.વી. પટેલ, ફાયર ઇમરજન્સીના બી.એમ. બગડા અને બિપીન ખલાસી, તેમજ કામરેજ સુગરના ચેરમેન અશ્વિન પટેલ સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

મોકડ્રીલ અંતર્ગત, ઇથેનોલ ટેન્કરમાં રિફિલિંગ દરમિયાન અચાનક આગ લાગવાની ઘટનાનું દ્રશ્ય સર્જવામાં આવ્યું હતું. આ આગે પ્લાન્ટ અને ટેન્કરને પોતાની ઝપેટમાં લીધા હતા. શરૂઆતમાં, સુગર ફેક્ટરીની સ્થાનિક ટીમે પરિસ્થિતિને નિયંત્રિત કરવાનો પ્રયાસ કર્યો હતો.જોકે, આગ કાબૂમાં ન આવતા, સુગર ફેક્ટરી દ્વારા 'ઓફ સાઇટ ઇમરજન્સી' જાહેર કરવામાં આવી. તાત્કાલિક મદદ માટે લોકલ ક્રાઇસીસ ગ્રુપ ના તમામ સભ્યોને ટેલિફોનિક જાણ કરાઈ હતી. ઘટનાની જાણ થયાના ૪૫ મિનિટની અંદર સરકારી અને બિનસરકારી એજન્સીઓ, ફાયર વિભાગ, પોલીસ વિભાગ, જીપીસીબી, તેમજ વિવિધ ખઅઇં ફેક્ટરીઓના સેફ્ટી ઓફિસર્સ ઘટના સ્થળે પહોંચ્યા હતા. તમામના સંયુક્ત પ્રયાસોથી ટૂંકા સમયમાં આગ પર સફળતાપૂર્વક કાબૂ મેળવી લેવાયો હતો.

## ચૈત્ર માસનો પ્રારંભઃ લીમડાના મોર'નું સેવન નિરોગી રહેવા માટે અમૃત સમું



બારડોલી- વસંત ઋતુના આગમન સાથે જ પ્રકૃતિમાં નવો ઉમંગ જોવા મળી રહ્યો છે. હાલમાં લીમડાના વૃક્ષો પર સફેદ મોર (ફૂલો) ની ચાદર પથરાઈ છે, જે માત્ર સુંદરતા જ નહી પરંતુ અદભૂત ઔષધીય ગુણો પણ ધરાવે છે. ચૈત્ર માસની શરૂઆતમાં લીમડાના મોર અને કુમળા પાનનો રસ પીવાની પરંપરા આજે પણ લોકોના સ્વાસ્થ્ય માટે વરદાન સાબિત થઈ રહી છે. આયુર્વેદ અનુસાર, વસંત ઋતુએ શરીરમાં કફ અને પિત્તના પ્રકોપનો કાળ છે. **લીમડાના રસના લાભ-** ઇમ્યુનિટીમાં વધારો થાય છે અને ઝેરી તત્વો દૂર થાય છે.

**ચામડીના રોગો :** લીમડાના પાણીથી સ્નાન કરવાથી અને તેના સેવનથી ચામડીના રોગો સામે રક્ષણ મળે છે. **મોસમી બીમારી :** શરદી, ઉધરસ, પિત્ત, વાયુ અને મેલેરિયા જેવા રોગો સામે શરીર સુરક્ષિત રહે છે.

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808

## કામરેજ સુગરે ૧૩૨ દિનમાં ૪.૭૦ લાખ મે. ટન શેરડી પિલાણ કર્યું



આંબોલી-નવી પારડી ખાતે આવેલી સહકારી ક્ષેત્રની અગ્રણી સંસ્થા કામરેજ સુગર ફેક્ટરીમાં ગતરોજ ચાલુ વર્ષની પિલાણ સીઝનની વિધિવત પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

આ વર્ષે ફેક્ટરીએ નિર્ધારિત લક્ષ્યાંકો પાર કરી સફળતાપૂર્વક સીઝન પૂર્ણ કરી છે. સંસ્થાના ચેરમેન અશ્વિન પટેલે આ સફળતાનો શ્રેય ખેડૂતો અને શ્રમિકોના સહિયારા પુરુષાર્થને આપ્યો હતો.

ચાલુ પિલાણ સીઝન કુલ ૧૩૨ દિવસ સુધી ચાલી હતી. આ સમયગાળા દરમિયાન ફેક્ટરી દ્વારા કુલ ૪,૭૦,૯૨૪.૨૦૯ મેટ્રિક ટન શેરડીનું પિલાણ કરવામાં આવ્યું હતું. ખાંડના ઉત્પાદન સાથે સંસ્થાએ બાય-પ્રોડક્ટ્સમાં પણ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે.

સંસ્થાના ડિસ્ટીલરી પ્લાન્ટમાં આ સીઝન દરમિયાન ૩૩,૦૧,૨૭૯ લિટર રેક્ટીફાઇડ સ્પીરીટનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું. જેની મદદથી સંસ્થાએ કુલ ૨૧, ૪૫, ૨૨૧ લિટર ઇથેનોલ પ્રાપ્ત કરવામાં સફળતા મેળવી છે. ઇથેનોલનું આ ઉત્પાદન સંસ્થાની આર્થિક સધ્ધરતા માટે મહત્વનું પરિબળ સાબિત થશે.

૩૩ લાખ લિટર સ્પીરીટ માંથી ૨૧.૪૫ લાખ લિટર ઇથેનોલ મેળવાયું ચેરમેને સૌનો આભાર વ્યક્ત કર્યો સીઝનની અંતિમ પૂર્ણાહુતિ પ્રસંગે સંસ્થાના ચેરમેન અશ્વિન પટેલે જણાવ્યું હતું કે, ‘પિલાણ સીઝનને સફળ બનાવવામાં શેરડી કાપણી કામદારો, પરિવહન વિભાગના કર્મચારીઓ અને પાયાના પથ્થર સમાન ખેડૂતોનો મોટો ફાળો રહ્યો છે.’ તેમણે સીઝન દરમિયાન સહયોગ આપનાર તમામ હિતધારકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## સુરત જિલ્લાના છ પી.આઈ., બે પી.એસ.આઈ.ની સાગમટે બદલી

### કામરેજ, માંગરોળ, એસઓજીના પીઆઇ બદલાયા




સુરત- સુરત જિલ્લા પોલીસ વડાએ આજે જિલ્લામાં જારી કરેલા બદલીનાં ઓર્ડરમાં ૬ પીઆઈ અને બે પીએસઆઈની અરસ પરસ બદલી કરવામાં આવી હતી. જેમાં કામરેજ પોલીસના પીઆઈ એચ.આર.પઢીયારની માંગરોળ પીઆઈ તરીકે, માંગરોળના એચ. એમ. સોલંકીની તડકેશ્વર પોલીસ સ્ટેશનમાં, કામરેજનાં પીઆઇ એ.ડી.ચાવડાની પાલોદમાં પીઆઇ તરીકે નિમણુક કરાઈ છે. સાયબર સેલનાં પીઆઇ વી.એલ. ગાગીયાને કામરેજ પોલીસ મથકે મુકાયા છે. ત્યારે એસઓજીના પી.આઇ. બી.જી. ઈશરાણીની બારડોલી ટાઇન પોલીસ સ્ટેશને નિમણુક કરાઈ છે.

જયારે લીવરીઝર્વમાં રહેલા પીએસઆઈ બી. એન. જાદવની તડકેશ્વર પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ તરીકે અને કોસંબા પોલીસ સ્ટેશને ફરજ બજાવતા એસઆઇ પી. એચ. કછવાહની પાલોદ પોલીસ સ્ટેશને પીએસઆઈ તરીકે બદલી કરવામાં આવી હતી. પીઆઈ એમ.જે.રાઠોડને બારડોલી પોલીસ સ્ટેશનનાં વધારાનાં ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. જયારે પીઆઇ એલ.જી.રાઠોડને પેરોલ ફ્લો પીઆઈ સાથે સાથે એએચટીયુ નો વધારાનો ચાર્જ સુપ્રત કરાયો છે. મહિલા પોલીસ સ્ટેશનનાં પીઆઇ બી.ડી.શાહને આઇ યુસીએડબ્લ્યુનો વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે. પીઆઇ એ. એસ. ચૌહાણને એસઓજી સાથે સાથે સાયબર સેલનો વધારાનો ચાર્જ અપાયો છે. પીઆઇ કે.સી.પારગીને મહુવા પોલીસ સ્ટેશનથી આઇ યુસીએડબ્લ્યુ યુનિટ ખાતે બદલીનો હુકમ કરવામાં આવ્યો છે. જે તેઓ પુરતો રદ કરી અનાવલ પોલીસ સ્ટેશન ખાતે બદલી કરવા હુકમ કરવામાં આવ્યો છે.

આ બદલી પામેલા તમામ પોલીસ ઇન્સ્પેક્ટરોને કોઈપણ જાતની રજા ભોગવ્યા સિવાય બદલી વાળી જગ્યાએ હાજર થઈ ચાર્જ સંભાળી લેવા આદેશ કરાયો છે. જોકે ઉપરોક્ત બદલીનાં પગલે કેટલાક સિનિયર અધિકારીઓને જેમની સિનિયોરીટી પ્રમાણે નાનુ પોલીસ સ્ટેશન આપવામાં આવતા કહીં ખુશી કહીં ગમ જેવો માહોલ જોવા મળ્યો હતો.



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)- SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)